# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/33/ક્વા-૨/૧૯-૨૦/૫૯૦૨** **તા.૦૫–૦૯–૧૯**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- 33/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **કાંતિલાલ છગનભાઈ મકવાણા** ગામ: ત્રાકુડા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારની અરજી ના નોંધણી નંબર :33/ક્વા-૨/૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓના ખેતીવાડીના સર્વે નંબરઃ ૧૪૬ પૈકી ૩ છે, જે ૦૮ વ્યકિતના સંયુકત નામે છે. આ સર્વે નંબરઃ ૧૪૬ પૈકી ૩ મા ખેતીવાડીના હેતુ માટે તા.૦૫–૦૭–૧૭ ના રોજ રૂ.૨૦૦/– રસીદ નંબરઃ ૫૩૧૨૨૧ થી ૦૫ હોપા ના જોડાણ ની અરજી કરેલ હતી. જે અંગે નુ ભાવપત્રક તા.૧૬–૦૨–૧૯ થી ભરપાઈ કરાયેલ હતુ, નવા વીજજોડાણ અન્વયે સબંધક કચેરીમાં તપાસ કરતા – તેઓ દ્રારા અન્ય ભાગીદારોનુ નોટરાઈઝ સ્ટેમ્પપેપરનુ લેખીત સંમંતીપત્ર અપાયેલ ન હત જે બાબતે અગાઉ જણાવેલ ન હતુ. સદર બાબત ને લીધે સામેવાળા દ્રારા વીજજોડાણ, હવે તમને મળશે નહી, તેમ જણાવેલ. જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદારશ્રી કાંતિલાલ છગનભાઈ મકવાણાગામ: ત્રાકુડા દ્રારા તા.૦૫–૦૮–૧૭ ના રોજ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી. જેનુ અંદાજપત્રક તા.૦૪–૦૨–૯ ના રોજ મોકલાવેલ હતુ. સદર અરજીના દસ્તાવેજીક પેપર્સ ની ચકાસણી કરવામા આવતા – તેઓની માંગણી મુજબ નુ જોડાણ મેળવવા માટે ના કુવા પર ૦૮ ભાગીદારો ની સંયુકત માલીકી હોય, અન્ય ભાગીદારો ની રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પરના લેખીત સંમંતીપત્રો સબંધક કચેરીમાં તા.૨૩–૦૭–૧૯ ના રોજ રજુ કરાયેલ. જેમા અરજદાર શ્રી દ્રારા કરારનામા સહી કરાવેલ ન હતી, જે અન્વયે અરજદાર ને

તા.૩૦–૦૭–૧૯ ના રોજ નોટીસ અપાયેલ હતી. અરજદાર દ્વારા એગ્રીમેન્ટ ફોર્મ મા સહી કરી અને તા.૦૬–૦૮–૧૯ થી પીજીવીસીએલ સમક્ષ એગ્રીમેન્ટ ફોર્મ મા સહી કરી રજુ કરાતા, સદર જોડાણ ની કામગીરી ૦૧ માસ મા પૂરી થઈ જશે, તે બાબતની અરજદાર ને યોગ્ય સમજણ અપાયેલ હોય, જે અન્વયે – અરજદાર ની સહીવાળુ સમાધાન પત્ર તા.૦૬–૦૮–૧૯ થી રજુ કરાયેલ હતુ. આમ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦ અને** પેરા નં ૩.૦ અન્વયે અરજદારની સદર ફરિયાદનું **પી.જી.વી.સી.એલ. કક્ષાએથી** નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) **તા.૦૬–૦૮–૧૯** થી રજુ કરાયેલ છે.

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |